
# ગાંધીનગર જિલ્લામાં ૧૨ મોડેલ મતદાન મથકો

ગાંધીનગર, તા.૨૯

લોકસભા સામાન્ય ચૂંટણી - ૨૦૧૪નું મતદાન તા. ૩૦મી એપ્રિલ, ૨૦૧૪ના રોજ યોજાનાર છે. ગાંધીનગર જિલ્લામાં ૧૨ સ્થળોએ મોડલ મતદાન મથકો ઉભા કરવામાં આવ્યા છે.

ગાંધીનગર જિલ્લામાં દહેગામ મતદાર વિભાગમાં રામાજીના છાપરા અને નાંદોલ કુમાર શાળા, ગાંધીનગર(દ) મતદાર વિભાગમાં રાંદેસણ ગામની સરકારી પ્રાથમિક શાળા, ગાંધીનગર(ઉ) મતદાર વિભાગમાં સેકટર-૭ની પ્રાથમિક શાળાના રૂમ નંબર - ૨, ૯ અને ૧૩માં તેમજ પેથાપુર કુમાર શાળા - ૨ના રૂમ નંબર ૩ અને ૪, માણસા વિદ્યાનસભા મતદાર વિભાગમાં બોરૂ ગામની સરકારી પ્રાથમિક શાળા જુનું મકાન અને માણસાની સરકારી પ્રાથમિક કુમાર શાળા નં - ૧, કલોલ વિદ્યાનસભા મતદાર વિભાગમાં કલોલની સુમન બાલમંદિર રૂમ નં - ૧ અને છત્રાલની એએલઝવેરી હાઈ. નવું મકાન ખાતે મોડલ મતદાન મથકો ઉભા કરવામાં આવ્યા છે.



આવતીકાલે લોકસભા ૨૦૧૪ ચૂંટણી મતદાનનો ખૂબ જ મહત્વનો દિવસ. સેક્ટર-૮ પ્લોટ નં. ૩૦૫/એ-૧માં રહેતા જયપ્રકાશભાઈ ભટ્ટના મોટા દિકરા હેમલ જયપ્રકાશભાઈ ભટ્ટ એન્જી. અબુધાબી (સીયુએઈ) અને પુત્રવધૂ રત્નાબેન હેમલ ભટ્ટ તેમજ નાના દિકરા બ્રિજેન જયપ્રકાશભાઈ ભટ્ટ જે એક સોફ્ટવેર કંપનીમાં પૂના ખાતે સી. મેનેજર છે અને પુત્રવધૂ કૃપાલીબેન બ્રિજેન ભટ્ટ ખાસ 'મત' આપવા ગાંધીનગર આવ્યા છે. ભારતીય તરીકે મળેલ આ મત આપવાના અધિકારનો દરેક ઉપયોગ કરવો જ જોઈએ એ સૌની નૈતિક ફરજ પણ છે. તેવુ આ બંને ભાઈઓનું માનવું છે.

*(તસવીર : કશ્યપ નિમાવત)*

# આજે ગાંધીનગરના ૧૮ ઉમેદવારોની ભાવિ ૧૭,૩૩,૦૭૭ મતદારો નક્કી કરશે

ગાંધીનગર સંસદીય મતદાર વિસ્તારમાં લોકસભા સામાન્ય ચૂંટણી- ૨૦૧૪નું મતદાન તા. ૩૦મી એપ્રિલ, ૨૦૧૪ના રોજ યોજાનાર છે. મતદાનના દિને સંસદીય મતદાર વિસ્તારના ૧૮ ઉમેદવારોનું ભાવિ ૧૭,૩૩,૦૭૭ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી નક્કી કરશે. મતદારોને મતદાન કરવામાં સરળતા રહે તે માટે ૧૭૭૦ મતદાન મથકો ઉભા કરવામાં આવ્યા છે.

તેમજ મતદાનના દિવસે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે જિલ્લા પોલીસ તંત્ર સહિત લશ્કરી જવાનો ખડેપગે પોતાની ફરજ બજાવશે. મતદાન સવારના ૭ કલાકથી શરૂ થશે અને સાંજના ૬ કલાક સુધી મતદાર પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકશે. ગાંધીનગર સંસદીય મતદાર વિભાગમાં લોકસભા સામાન્ય ચૂંટણી- ૨૦૧૪નું મતદાન મુક્ત, ન્યાયી અને નિષ્પક્ષ રીતે યોજાય તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી પી.સ્વરૂપના માર્ગદર્શન હેઠળ સુચારું આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગર સંસદીય મતદાર વિભાગમાં ગાંધીનગર (ઉ), કલોલ, સાણંદ, ઘાટલોડિયા, વેજલપુર નારણપુરા અને સાબરમતી વિદ્યાનસભા મતદાર વિભાગનો સમાવેશ થાય છે. સાત વિદ્યાનસભા મતદાર વિભાગમાં સૌથી વધુ મતદાર ૩૧૯૬૮૪ મતદારો ઘાટલોડિયા મતદાર વિભાગમાં છે. જયારે સૌથી ઓછા મતદાર ૨૦૪૯૫૯ મતદાર કલોલ વિદ્યાનસભા મતદાર વિભાગમાં છે. તા. ૩૦મી એપ્રિલ, ૨૦૧૪ના રોજ સવારના ૭.૦૦ કલાક થી સાંજના ૬.૦૦ કલાક સુધી મતદાર પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકશે. ગાંધીનગર સંસદીય મતદાર વિભાગના ૧૭૭૦ મતદાન મથકો પર સાંજ સુધીમાં ચુંટણીની મતદાર પ્રક્રિયા સાથે સંકાળયેલ સ્ટાફ ઇ.વી.એમ મશીન, વીવીપેટ સિસ્ટમ અને અન્ય સામગ્રી લઈ મતદાન મથકોએ પહોંચી ગયો છે. ગાંધીનગર સંસદીય મતદાર વિભાગમાં કુલ- ૩૫૪૦ ઇ.વી.એમ (રીઝર્વ સાથે) અને ૨૧૪૦ વીવીપેટ મશીનનો ઉપયોગ થનાર છે. તે ઉપરાંત ૧૦૩ પ્રજ્ઞાચક્ષુ મતદારો માટે પણ બ્રેઈલ લિપિથી મતદાનની સુવિધા કરવામાં આવી છે. દહેગામમાં - ૨, ગાંધીનગર (દ) - ૧, ગાંધીનગર (ઉ)માં ૫, માણસામાં - ૨ અને કલોલમાં - ૧ મોડલ પોલીંગ સ્ટેશન બનાવવામાં આવ્યા છે.

મતદાન મુકત, ન્યાયી, નિષ્પક્ષ રીતે શાંતિપૂર્ણ માહોલમાં યોજાય તે માટે ડી.વાય.એસ.પી.- ૬, પી.આઈ - ૨૩, પી.એસ.આઈ - ૭૩, પોલીસ - ૧૧૦૩, હોમગાર્ડ/ જીઆરડી - ૧૩૫૭ અને સીપીએમએફની ૫ કંપનીઓ ખડપગે પોતાની ફરજ બજાવશે.

# ચૈત્ર મહિનામાં શહેરીજનો ૧૫૦૦૦ લીટર લીમડાના રસનું રસપાન કર્યુ

## અનિલભાઈ જોષી પરિવાર દ્વારા આયોજન કરવામાં આવ્યુ હતુ

ગાંધીનગર, તા. ૨૯

શહેરમાં છેલ્લા ૨૧ વર્ષથી નગરજનોને નિઃશુલ્ક લીમડાનો રસ પીવડાવતા અનિલભાઈ જોષીએ ચાલુ વર્ષે ૧૫,૦૦૦ લીટર લીમડાના રસનું નગરવાસીઓને રસપાન કરાવ્યું. મોટી સંખ્યામાં વસાહતીઓએ રસ આરોગ્યો.

ગાંધીનગર સેક્ટર-૬માં રહેતા અનિલભાઈ જોષી અને પરીવાર દ્વારા શહેરીજનોને લીમડાના રસનું વિના મૂલ્યે ચૈત્ર મહિનામાં રસપાન કરાવે છે. છેલ્લા ૨૧ વર્ષથી શહેરીજનો નિરોગી રહે તે માટે અનિલભાઈ અને તેમનો પરિવાર આખો ચૈત્ર માસ મહેનત કરી લીમડાનો રસ બનાવે છે અને પિવડાવે છે.

તેમજ આ વર્ષે સેક્ટર-૬ ઉપરાંત અન્ય છ જગ્યાએ પેટા કેન્દ્રો ખોલવામાં આવ્યા હતા. દરરોજ સવારે લીમડાના રસનું રસપાન કરાવતા હોવાથી અનિલભાઈ લીમડાવાળા દાદાના નામથી પણ જાણીતા બની ગયા છે. આ કાર્યમાં અનિલભાઈ જોષી. પત્ની તરુલતાબેન, પુત્ર ઉદય, પુત્રવધૂ દર્શનાબેન અને પૌત્ર આદિત્ય દ્વારા મહેનત ઉઠાવવામાં આવતી હતી.

# રાયસણમાં ગુડા દ્વારા બનાવવામાં આવેલ બગીચો શોભાના ગાંઠીયા સમાન

## રાત્રે ટહેલવા આવતા રહિશોને બેઠેલા ઉઠાડી દરવાજે ખંભાતી તાળુ મારવામાં આવે છે

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર કોબા હાઈવે પર આવેલ રાયસણ ગામમાં ગુડા દ્વારા બનાવવામાં આવેલ ગાર્ડન જાળવણીના અભાવે શોભાના ગાંઠીયા સમાન પુરવાર થઈ રહ્યું છે. ગાર્ડન રહેવાસીઓ માટે ઉપયોગમાં આવે તે માટે તંત્ર દ્વારા જરૂરી પગલા ભરવામાં આવે તેવી અહિના રહિશોની માંગ ઉઠવા પામી છે.

પાટનગર ગાંધીનગરનો વિકાસ કુદકે ને ભૂસકે થઈ રહ્યો છે. પાટનગરની સાથે સાથે આજુબાજુના ગામડાનો વિકાસ પણ પૂરજોશમાં થઈ રહ્યો છે અને તેમાંય ગાંધીનગર-કોબા રોડ પર વિકસી રહેલા નવા ગાંધીનગરની ડિમાન્ડ ખૂબજ છે ત્યારે અહિંના રહિશો માટે હરિયાળુ વાતાવરણ પુરૂ પાડવા માટે ગુડા દ્વારા રાયસણમાં ગાર્ડન બનાવવામાં આવ્યું છે.

ગાંધીનગરની શાન સમા નવા ગાંધીનગરમાં ગુડા દ્વારા બગીચો બનાવવામાં આવ્યો છે. તાજેતરમાં ગુજરાત રાજ્યના પ્રધાનના હસ્તે આ ગાર્ડનનો શુભારંભ કરવામાં આવ્યો ત્યારે આ બગીચો રહિશો માટે આશિર્વાદ સમાન પુરવાર થશે એમ લાગતુ હતુ.

પરંતુ આ બગીચો રખેવાળ દ્વારા વહેલો બંધ કરી દેવામાં આવતા અહિના રહિશો માટે છતા છોકરે બ્રાહ્મણના સમ ખાવા જેવી પરિસ્થિતિ નિર્માણ પામી છે. ઉનાળાની કાળઝાળ ગરમીમાં સવારની ઠંડક મેળવવા અને રાત્રે જમ્યા પછી આઠ વાગ્યા બાદ રહેવાસીઓ ટહેલવા નિકળતા હોય છે. પણ અહિના રખેવાળ દ્વારા આ બગીચાના દરવાજે સાત વાગ્યે જ ખંભાતી તાળુ લટકાવી દેવામાં આવે છે.

આ વિસ્તારમાં રહેતા રહેવાસીઓએ તંત્ર સમક્ષ માંગણી કરી છે કે જે બગીચાનું નિર્માણ હરવા ફરવા માટે કરવામાં આવ્યુ છે તે બગીચાને રાત્રિ દરમિયાન પણ ખુલ્લો રાખવા માટેની વ્યવસ્થા કરવી જોઈએ. તેમજ જે ચોકીદાર દ્વારા બેઠેલા વ્યક્તિઓને ઉઠાડી મુકવામાં આવે છે. તેવા ચોકીદાર સામે પણ કડક કાર્યવાહી કરવી જોઈએ.

# તારાપુર ગામમાં ભંગારના ગોડાઉનમાં આગ લાગતા ભાગદોડ મચી

## ૭૦ હજાર લીટર પાણીનો મારો ચલાવીને ફાયરબ્રિગેડની ટીમે આગ કાબુમાં લીધી : અંદાજે ૨૦ હજારનું નુકશાન



ગાંધીનગર તાલુકા વિસ્તારમાં આવેલા કાકાના તારાપુર ગામમાં એક ભંગારના ગોડાઉનમાં આજે બપોરના અરસામાં અચાનક આગ ભભૂકી ઉઠતા ભારે નાસભાગ મચી જવા પામી હતી. ગાંધીનગર અને કલોલ ફાયરબ્રિગેડની ટીમ તાબડતોબ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને આગ પર પાણીનો મારો ચલાવીને આગને કાબુમાં લઈ લીધી હતી. આગ લાગવા પાછળનું કારણ હજુ બહાર આવ્યું નથી.

ગાંધીનગર નજીક આવેલા કાકાના તારાપુર વિસ્તારમાં સ્થિત સર્વે નં.૮૯/૫૯૨ વાળી જમીનમાં આવેલા ચામુંડા સ્ક્રેપ સપ્લાયર ભંગારના ગોડાઉનમાં એકાએક આગ લાગી હતી. ઘટનાની જાણ તાત્કાલિક ફાયરબ્રિગેડને કરવામાં આવતા કાળો ફાયરબ્રિગેડ અને ગાંધીનગર ફાયરબ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોચી ગઈ હતી. ગાંધીનગર ફાયર ઓફિસર મહેશ મોડ તથા તેમની ટીમે સતત પાણીનો મારો ચલાવી આગને વધુ ફેલાતા અટકાવી દીધી હતી. ૭૦ હજાર લીટર પાણીનો મારો ચલાવી આગ કાબુમાં લેવામાં આવી હતી. ગોડાઉનમાં પડેલો ભંગાર સળગીને ખાખ થઈ ગયો હતો. આશરે ૨૦ હજાર નું નુકશાન થવા પામ્યું છે. જો કે સદભાગ્યે કોઈ જાનહાની થવા પામી નથી.

# સે. ૨૪ ઈન્દિરાનગરના રહીશો ચૂંટણીમાં મતદાન કરશે નહી !

ગાંધીનગર, તા. ૨૯

સે. ૨૪ ઈન્દિરાનગરના રહીશો તેમની માંગણી ન સંતોષાતા ચૂંટણીનો બહિષ્કાર કરવાની ચિમકી ઉચ્ચારી છે. પાણી, ગટર અને સ્ટ્રીટલાઈટ સહીત વિવિધ ૧૧ જેટલા વણઉકલ્યા પ્રશ્નોને લઈ આ વિસ્તારના મતદારોમાં પ્રબળ આક્રોશ પ્રવર્ત્યો છે.

સે. ૨૪ ઈન્દિરાનગરના વસાહતીઓના જણાવ્યા મુજબ આ વખતની ચૂંટણીમાં મતદાનનો બહિષ્કાર કરી વિરોધ કરવાનો નિર્ણય લેવાયો છે. ૪૦ વર્ષના અંતે પણ સે. ૨૪ના આ રહીશોને સુવિધાઓના બદલે દુવિધાઓ નસીબ થતા ઈન્દિરાનગરના વસાહતીઓએ વોટીંગનો બહિષ્કાર કરવાનો આકરો નિર્ણય લીધો છે. બધા રાજકીય પક્ષોના નેતાઓ વોટ મેળવી પ્રજાના પ્રશ્નો તરફ ધ્યાન આપતા નથી. જેના પરિણામે ગરીબ અને અશિક્ષિત વસાહતીઓએ અન્યાય સહન કરવાનો જ વારો આવે છે. સે. ૨૪ ઈન્દિરાનગરના વસાહતીઓના જણાવ્યા મુજબ આ વિસ્તારમાં ગટરો ઉભરાયછે. પાણી ફોર્સથી આવતુ નથી. સ્ટ્રીટલાઈટો બંધ રહે છે. ત્રણ દાયકા બાદ પણ રસ્તાઓ બનાવાતા નથી. બી.પી.એલ. કાર્ડ પણ લઈ લીધા છે. પ્લોટની સનદો પણ આપવામાં આવી નથી. કોર્પોરેશનને પણ ટેક્ષ વસુલવામાં જ રસ છે. વસાહતીઓના પ્રશ્નોનુ નિરાકરણ આવતુ નથી. વિવિધ ૧૧ જેટલી માંગણીઓને અનુલક્ષી આ વસાહતીઓએ મતદાનથી અળગા રહેવાનો નિર્ણય લીધો છે.



સેક્ટર-૧૪ પ્લોટ નં. ૯૭/૧માં રહેતા સુકેતુ મહેતા અને જીજ્ઞાસા સુકેતુ મહેતાની દિકરી કુ. નીધી સુકેતુ મહેતા આજે લોકસભા ચૂંટણી મતદાન કરવાની પ્રથમ તક મળશે. એમ.એસ. યુનિવર્સિટી વડોદરા ખાતે આર્કીટેકમાં અભ્યાસ કરી રહેલ કુ. નીધી ખુબજ ખુશ છે. પોતાને મળેલ અધિકારનો કાલે પ્રથમ વખત લોકસભા ચૂંટણી મતદાનમાં ઉપયોગ કહશે. યંગ જનરેસને તો અવશ્ય મત આપવો જ જોઈએ. એક ભારતીય તરીકે મળેલ આ સન્માનિય હક્કને ફરજ સમજી અમલ કરવો જ જોઈએ તેવુ નીધીનું માનવુ છે.

(તસવીર : કશ્યપ નિમાવત)

# સે. ૧૬ બગીચામાં મફત યોગ શિબિરનું આયોજન

ગાંધીનગર, તા. ૨૯

શહેરના રહિશોનું જીવન સુખમય અને નિરોગી રહે તે માટે નગરના જાણીતા યોગ ગુરૂ કાનજીભાઈ દ્વારા મફત યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૧ મે થી ૩૦ મે સુધી સેક્ટર-૧૬ બગીચા ખાતે દરરોજ સવારે ૫.૩૦ થી ૭.૩૦ સુધી યોજાશે. જેમાં તાલીમાર્થીઓને મશીન દ્વારા કેલેરી માપી યોગ્ય આસનો શિખવાડવામાં આવશે. આ યોગ શિબિરમાં જોડાવા ઈચ્છુક નગરજનોએ કાનજીભાઈ ૯૮૨૪૬૪૪૩૧૪ પર રજીસ્ટ્રેશન કરાવવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# મતદાન કરનારને હાટકેશ રેફ્રીજરેશન ડિસ્કાઉન્ટ આપશે

ગાંધીનગર, તા. ૨૯

શહેરના મતદારો વધુ મતદાન કરે તે માટે સંસ્થાઓ અને વેપારીઓ દ્વારા અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. ત્યારે આજરોજ જે મતદાતા મતદાન કરશે તે મતદારોને શ્રી હાટકેશ રેફ્રીજરેટર અને વર્લપુલ કંપની તરફથી ડિસ્કાઉન્ટ આપવામાં આવશે. તા. ૩૦ એપ્રિલ અને તા. ૧ મે દરમિયાન વર્લપુલ કોલ સેન્ટરના ટોલ ફ્રી નંબર ૧૮૬૦-૧૮૦-૪૫૫૮ પર કોલ રજીસ્ટર કરાવનારને સર્વિસ પર ૫૦ ટકા, અને એસેસરીજ પર ૨૦ ટકા ડિસ્કાઉન્ટ આપવામાં આવશે. આ ડિસ્કાઉન્ટો લાભ લેવા માટે મતદારનુ આંગળી પર નિશાન હોવુ અનિવાર્ય છે.

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS -
ડીસ્ટ્રીબ્યુટર ISI ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૦
સૂર્યાસ્ત : ૭.૦૪

## તાપમાન

મહત્તમ : ૪૩.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૫.૮ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૫૧ ટકા ● સાંજે ૧૬ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
૨ સ્ટેટસ્ વન લવ : ૩.૩૦, ૧૦.૦૦
રીવોલ્વર રાની : ૧૨.૪૫, ૬.૪૫
: સ્ક્રીન-૩ :
સન ઓફ ગોડ (અંગ્રેજી) : ૪.૩૦, ૭.૦૦
કાંચી : ૯.૩૦
: સ્ક્રીન-૪ :
સમ્રાટ એન્ડ કો. : ૧૨.૧૫, ૫.૧૫, ૧૦.૧૫
કાંચી : ૨.૩૦, ૭.૩૦
: સ્ક્રીન-૫ :
૨ સ્ટેટસ્ વન લવ : ૧૨.૩૦, ૬.૩૦
રીવોલ્વર રાની : ૧૦.૦૦, ૩.૩૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૬ :
સમ્રાટ એન્ડ કો. : ૧૦.૦૦ ● કાંચી : ૧૦.૦૦
૨ સ્ટેટસ્ વન લવ : ૩.૩૦ ● રીવોલ્વર રાની : ૧૨.૧૫

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
કાંચી : ૧૦.૧૫, ૧.૨૫, ૪.૩૫, ૧૦.૨૫
સમ્રાટ એન્ડ કો. : ૭.૪૫
: સ્ક્રીન-૨ :
રીવોલ્વર રાની : ૯.૧૫, ૧૨.૦૦, ૨.૩૦, ૮.૧૦, ૧૦.૫૦
ભૂતનાથ રીટર્ન : ૫.૧૦
: સ્ક્રીન-૩ :
૨ સ્ટેટસ્ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૧૦, ૭.૨૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૪ :
સમ્રાટ એન્ડ કો. : ૯.૦૦, ૧૨.૦૦
૨ સ્ટેટસ્ : ૨.૪૦, ૫.૫૦, ૯.૦૦

### આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
ભૂતનાથ રીર્ટન : ૧૦.૧૫, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૨ :
મે તેરા હીરો : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫
: સ્ક્રીન-૩ :
કેપ્ટન અમેરિકા : ૧.૧૫
ભૂતનાથ રીર્ટન : ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
રીવોલ્વર રાની : ૧૦.૩૦, ૧.૩૦, ૧૦.૩૦
કાંચી : ૪.૩૦, ૭.૩૦
: સ્ક્રીન-૨ :
કાંચી : ૧૦.૧૫(સવારે), ૧૦.૧૫(રાત્રી)
સમ્રાટ એન્ડ કો. : ૧.૧૫, ૭.૧૫ ● રીવોલ્વર રાની : ૪.૧૫
: સ્ક્રીન-૩ :
૨ સ્ટેટ્સ : ૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
ભૂતનાથ રીર્ટન : ૧.૦૦, ૭.૦૦

## આપની આજ

**મેષ** : એન્જિનિયર, ટેકનોલોજી કર્મીઓ માટે ઉપલબ્ધિ ભાગ્યવર્ધક કાર્યો માટે યાત્રાના યોગ. નકામા તનાવથી દૂર રહેવું. સામાજિક સમસ્યાનો ઉકેલ પ્રાપ્ત થઈ શકશે.

**વૃષભ** : ભૂમિ રક્ષા પ્રતિરક્ષા સંબંધી વિવાદિત પ્રકરણોમાં ચિંતનનો યોગ બની રહ્યો છે. ખાનપાનમાં કાળજી રાખવી. પદોન્નતિ, ભૂમિ સંબંધી લાભ પ્રાપ્તિ થવાની વિશેષ સંભાવના. રાજય તરફથી વિશેષ લાભ. આવકના સ્રોતોથી લાભ પ્રાપ્તિ.

**મિથુન** : યોગ્ય દિશામાં પ્રયત્ન કરવાથી અટવાયેલા નાળા પરત મળી શકશે. વરિષ્ઠ વ્યક્તિઓ તથા નીતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થશે.

**કર્ક** : પદ- પ્રતિષ્ઠા સંબંધી વિવાદિત કાર્યોનો ઉકેલ લાવવા માટે યાત્રા-પ્રવાસ થઈ શકશે. ધર્મ, આધ્યાત્મ, ગહન શોધ સંબંધી શોધપૂર્ણ કાર્યોનો વિશેષ યોગ બની રહ્યો છે.

**સિંહ** : મિલકત સંબંધી કાર્યોમાં સક્રિયતા વધશે. વ્યાપારિક ભાગીદારીઓમાં વિશેષ વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. ધાર્મિક સમસ્યાઓ પર વિચાર- વિર્મશ થઈ શકે છે.

**કન્યા** : કૌટુંબિક વિવાદા ઉભા ન થાય તેની કાળજી રાખવી. કોર્ટ-કચેરીના મુદ્દે સાવચેતી રાખવી. ખાનપાનનું ધ્યાન રાખવું. મિત્ર, સંતાન પક્ષ સંબંધી સમસ્યાઓની લગતી બાબતોમાં યાત્રા અને ખર્ચ થશે.

**તુલા** : ધાર્મિક કાર્યોમાં આપના કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થશે. રાજકીય અને સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે. આર્થિક સ્રોમાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે.

**વૃશ્ચિક** : વ્યાપાર- વ્યવસાયિકક્ષેત્રમાં લાભ પ્રાપ્ત થવાની શકયતા છે. મંગળ પ્રસંગોમાં સમય પસાર થશે. સંચિત ધન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે.

**ધન** : વેપારી સંબંધી કાર્યો માટે યાત્રાથી ભાગ્યોદય. શુભ કાર્યોની શરૂઆત થશે. આર્થિક કારણોથી, સામાજિક કાર્યોથી અવરોધની સંભાવનાઓ રહેલી છે.

**મકર** : નવા વ્યાપારમાં રોકાણ વિચારીને કરવું. કર્મક્ષેત્રમાં વિશેષ ભાગ્યવર્ધક યાત્રા, નવા કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. કલાત્મક ક્ષેત્રમાં વિશેષ યોગ બની રહ્યો છે.

**કુંભ** : ધર્મ આધ્યાત્મ, કૌટુંબિક, માંગલિક કાર્યોમાં નાણાં ખર્ચ થવાની શકયતાઓ છે. ગૂઢ, ધાર્મિક, કુટુંબમાં માંગલિક, આધ્યાત્મિક કાર્યો થઈ શકશે.

**મીન** : વ્યાપાર -વ્યવસાયિક યાત્રાઓથી લાભ પ્રાપ્તિ થવાનો વિશેષ યોગ બની રહ્યો છે. મિત્રોનો સાથ સહકાર મળી રહેશે. કુટુંબ સંબંધી વિવાદ માનસિક કષ્ટનું કારણ બનશે.

## ચિરવિદાય

- સ્વ. કૃષ્ણકાન્તભાઈ સોમનાથ રામી (ઉ.વ.૭૦) પ્લોટ નં. ૨૯૧, ગાયત્રીનગર, સેકટર-૨૭, ગાંધીનગર.
- સ્વ. કાન્તાબેન કેશવલાલ શાહ (ઉ.વ.૯૪) પ્લોટ નં. ૧૪૯૨/૨, સેકટર-૨/સી, ગાંધીનગર.
- સ્વ. નાથાભાઈ જોઈતારામ પ્રજાપતિ(ઉ.વ.૭૫) પ્લોટ નં. ૨૧૯/૧, સેકટર-૪/એ, ગાંધીનગર.